જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૮/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૪ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૯૪,૬૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૬**

ક્રાઇમ બ્રાંચઃ ડ્રાઇવિંગ સિનેમા રોડ, હિમાલયા મોલ, ઇન્દ્રપસ્થ ટાવર ખાતે રહેતા અને ફોર વ્હીલ ગાડીઓ ભાડે આપવાનું કામકાજ કરતા સૌરભભાઇ સ/ઓ મોહનભાઇ ગુપ્તા (ઉ.વ.૩૪) એ તા.૧૬/૦૮/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૫ થી ૧૬/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ સિંધુભવન, હેબતપુર રોડ, બાગબાન ક્રોસ રોડ, કદમ બંગ્લોઝ સામે આવેલ સૌરભભાઇ ગુપ્તાની કંપની ખાતેથી આરોપી (૧) લક્ષ્મણભાઇ વિભાભાઇ ભરવાડ (રહે. ગાયત્રીનગર, લીબાંશી તા.માતર જિ.ખેડા (૨) મુકેશભાઇ વીરાજી પ્રજાપતિ (રહે. જી.એમ.ચાલી,અંડર અસારવા બ્રીજ, ઇદગા) (૩) દિપક અમીત ખત્રી (રહે.મહાસુખનગર સોસાયટી, નોબલ સ્કુલની બાજુમાં) (૪) રૂષિલ વિપુલભાઇ શાહ (રહે.રત્નાદિપ ટાવર, સી.પી.નગર પાછળ, સૌંદર્ય ટાવરની બાજુમાં, ઘાટલોડીયા) (૫) ધ્રુવ સંજયભાઇ પ્રજાપતિ (રહે.નવો વાસ, કુંભારવાસ, વિસનગર, મહેસાણા) (૬) અબ્દુલ સુવાનખાન રઝઝાક (રહે.સુમેરપુર, રાજસ્થાન) (૭) અરવિંદભાઇ રમણભાઇ પ્રજાપતિ (રહે.પ્રજાપતિ વાસ, આંજના, તા.તલોદ, જિ.સાબરકાંઠા) (૮) રવિકુમાર કિરીટકુમાર મહેતા (રહે.કુવાવાળો વાસ, કોચરબ, પાલડી, એલીસબ્રીજ) (૯)જીતેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ સોલંકી (રહે.પ્રભુકૃપા સોસાયટી, જાફરાબાદ, ગોધરા) (૧૦) ઉત્સવ પરાગભાઇ શેઠ (રહે.રૂષભ એલીગન્સ, ન્યુ વિકાસ ગૃહ સામે, પાલડી) નાઓ સૌરભભાઇની કંપની પાસેથી અલગ–અલગ કંપનીની કુલ ૧૫ ફોર વ્હીલ ગાડીઓ કુલ કિમત રૂપિયા ૨,૩૬,૩૦,૦૦૦/– ભાડેથી લઇ જઇ આજદીન સુધી ગાડીઓ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાંચ પો.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૦/૨૦૨૬**

એલીસબ્રીજઃ શાલીનભાઇ પિયુષભાઈ પટેલ (ઉ.વ.૩૩)(રહે.યોગેશ્વર હોમ્સ, ૠતુ બંગલો સામે, કમુબા પાર્ટી પ્લોટ રોડ, ન્યુ રાણીપ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૧૫ થી બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન ગુજરાત કોલેજ એમ.ટી.એસ. બસ સ્ટોપ સામે પાર્ક કરેલ પોતાની ફોર વ્હીલ ગાડીમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં HP કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી